
# પ્રાઈમસ અને પતિ: બેઉને પંપ મારવા પડે

ન બોલવામાં નવ ગુણ

★ નટવર પંડયા

કતારગામથી લઈને કતાર સુધી લોકો કેરોસીનવાળો સ્ટવ શોધવા માંડ્યા છે. કારણ કે પાછા પ્રાઈમસ પ્રગટાવવા પડે એવું બને ય ખરું! લાગે છે કે સ્ટવ અને જૂની સાયકલમાં પાછા પ્રાણ પૂરવા પડે. હાલમાં લગભગ પચાસેકની ઉંમરવાળા બહેનોએ ભૂતકાળમાં કેરોસીન પ્રેસર સ્ટવ પર શાક અને પાક બનાવ્યા હશે, પણ આજની આધુનિકાઓ





તો સ્ટવનું નામ સાંભળીને ભડકી ઊઠે. કારણ કે તેમને સ્ટવ સળગાવતા આવડતો નથી. તેમના માટે 'કેરોસીન સ્ટવ કુકિંગ કેળવણી કેન્દ્રો' શરૂ કરવા પડે એવું બને. અથવા ઘરમાં સાસુઓ પાસેથી શીખી શકે. જો બંને વચ્ચે ટ્રમ્પ અને ખામેની જેવા સંબંધો ન હોય તો!

વાટવાળા અશોક સ્ટવ આવ્યા તેની પહેલાં ઘ..ર..ર..ર, ભ..ર..ર..ર એવો અવાજ કરતા કેરોસીન પ્રેશર સ્ટવ હતા. સ્વિટ્ઝર્લેન્ડની પ્રાઈમસ કંપનીએ સૌ પ્રથમ આ સ્ટવ બજારમાં મૂક્યા. તેના પરથી સ્ટવનું નામ જ પ્રાઈમસ પડી ગયું. (જેમ ટૂથપેસ્ટનું કોલગેટ થઈ ગયું.) આ 'કેરોસીન પ્રેશર સ્ટવ' એટલે કે પ્રાઈમસને પ્રગટાવ્યા પછી પંપ મારવા પડતા અને છતાંય બરાબર ન સળગે તો પિન મારવી પડતી. એટલે જૂના જમાનામાં બહેનોને પ્રાઈમસ અને પતિ બંનેને પંપ મારતા આવડતુ. ત્યારના પતિ અને પ્રાઈમસ બંને પંપ મારવાથી ચાલે એવા હતા. ત્યારે પત્ની પતિ પર હુકુમ-એ-હકુમત ચલાવી શકતી નહીં. તેથી પોતાનું ધાર્યું કરાવવા હળવા પંપ મારવા પડતા. પંપ મારવાથી ફુલાઈને ફાળકો થયેલા પતિદેવ પાસે ધાર્યું કરાવવામાં આવતુ. એટલે ત્યારની પત્નીઓ પણ મોટાભાગે ધાર્યું કરાવી લેતી પણ પદ્ધતિ જરા ઈનડાયરેક્ટ હતી. ઉપરાંત ધીરજ માંગી લે તેવી હતી અને ધીરજના ફળ મીઠા પણ હતા. પ્રાઈમસને પંપ મારવા ઉપરાંત પિન મારવી પડતી. એટલે જૂના જમાનાની પત્નીઓને મોકો જોઈને પિન મારતા આવડતી. અત્યારની આધુનિકા સ્વરૂપ વાઈફને ફક્ત પિન મારતા આવડે છે. અને કારણ વગર પિન મારવાથી પ્રાઈમસ અને પતિ બંને બગડે. પછી કજિયા વધે. જો કે આજકાલ લગ્નજીવન અનિશ્ચિત અને કજિયા કાયમી થઈ ગયા છે. પતિઓને (પત્નીઓને પણ!) એ સમજાતું નથી કે આપણે કજિયા કરવા માટે લગ્ન કર્યા છે કે લગ્ન કર્યા એટલે કજિયા થાય છે.

પહેલાની પત્નીઓ ક્યારેય કારણ વગર પિન ન મારતી. તે સમયના પ્રાઈમસ અને પતિ બંને ઘરઘરાટી કરતા પણ પત્નીઓ નીંભર થઈને સહન કરી લેતી. એટલે કે એક કાનથી સાંભળીને બીજા કાને કાઢી નાખતી. મનોમન કહેતી કે 'એ તો મુઓ બક્યા કરે!' એક બહેન પોતાની સખીને આવું કહેતા હતા ને પતિ થોડે દૂરથી સાંભળી ગયા. પતિદેવ તાડુકયા, "શું કહ્યું!? એ તો મુઓ બક્યા કરે, એમ!? એટલે પત્નીએ તરત ચહેરાનો રંગ બદલી, ચહેરા પર નવોઢા જેવા શરમના ભાવ પ્રગટાવી કહ્યું, "મારે તમને શું કહેવું! કહેવાય એવું નથી પણ હવે કીધા વિના છૂટકો ય નથી!" એ તો હું મારી બહેનપણીને એમ કહેતી હતી કે "એ તો મુઆ બકા ભરે." આમ કહીને વધુ શરમાઈ ગઈ (અભિનય કર્યો.) આ સાંભળીને પતિ જેવા કઠોર ઘન પદાર્થનું વગર ઉષ્માએ પ્રવાહીમાં રૂપાંતર થઈ ગયું. (એટલે કે ભાઈ પાણી પાણી થઈ ગયા!) પત્નીને લાગ્યું કે પરિસ્થિતિ એકદમ પ્રવાહી છે એટલે તેણે મોકો જોઈને બે ચાર મોંઘી સાડીઓની અરજી પણ મંજૂર કરાવી લીધી, પણ એક વાતની ખાસ નોંધ લેવી પડે કે ત્યારના પ્રાઈમસ ગમે તેટલી ઘરઘરાટી કરે, હેરાન કરે, પણ બહેનો કાઢી ન નાખતી. એ જ પ્રાઈમસને રીપેર કરાવીને ચલાવ્યા કરતી. કારણ કે એને પછી બીજો પ્રાઈમસ ન ફાવે. પતિઓમાં પણ એવું જ હતું. આજે તો બે-

**વાટવાળા પ્રાઇમસને સળગાવો એટલે એક પછી એક વાટ સળગે. તેને ગરમ થતા જરા વાર લાગે. એ જ રીતે ત્યાર પછીની પેઢીના પતિઓય એવા આવ્યા કે ઘરમાં કાંઈ જીભાજોડી થાય તો પતિને ગરમ થતાં વાર લાગતી પણ એકવાર ગરમ થયા પછી બહુ ધ્યાન રાખવું પડે**

ચાર વાર ફરિયાદ આવે તો પ્રાઈમસ હોય કે પતિ પત્ની તરત જ કહે કે 'આ ન પોસાય.' અઠવાડિયામાં બદલાવી નાખે. અરે જમાનો એટલો ઝડપી આવ્યો છે કે ફોટોગ્રાફર ફોટો અને વિડિયો શૂટ કરી એડિટિંગ કરી અને વરરાજાને પંદર દિવસ પછી આપવા જાય તો ક્યાંક વરરાજા એવું પણ કહે કે હવે આને શું કરવા છે? ફોટોગ્રાફર પૂછે, "કેમ!?" તો પેલો કહે, "એ તો છૂટું થઈ ગયું!"

ઘરઘરાટીવાળા પ્રાઈમસ પછી વાટવાળા સ્ટવ આવ્યા તેને પણ પ્રાઈમસ જ કહેવાતો એટલે ઘરમાં વાટવાળો પ્રાઈમસ અને વટવાળો પતિ વસતા. આ પ્રાઈમસ કોઈ જાતની ઘરઘરાટી કે અવાજ ન કરતો. આમ ક્રમશઃ પતિ અને પ્રાઈમસના અવાજ દબાતા ગયા. પણ ગરમી એની એ જ રહી. વાટવાળા પ્રાઈમસને સળગાવો એટલે એક પછી એક વાટ સળગે. તેને ગરમ થતા જરા વાર લાગે. એ જ રીતે ત્યાર પછીની પેઢીના પતિઓય એવા આવ્યા કે ઘરમાં કાંઈ જીભાજોડી થાય તો પતિને ગરમ થતાં વાર લાગતી પણ એકવાર ગરમ થયા પછી બહુ ધ્યાન રાખવું પડે. પણ સરવાળે અવાજ ઓછો કરતા. એટલે પડોશીઓને થતું કે આપણા પડોશમાં પ્રસન્ન દામ્પત્યના પુષ્પો ખીલી રહ્યા છે. વાટવાળા પ્રાઈમસને જ્યારે બુઝાવવામાં આવે ત્યાર પછી અડધો કલાક સુધી ગૃહિણીની આંખો બળતી. એ જ રીતે પતિ સાથે ઝઘડો પતી ગયા પછી અડધો કલાક સુધી પત્નીનો જીવ બળતો કે બિચારા થાક્યા પાક્યા ઓફિસેથી આવ્યા'તા ને મેં ખોટા ટાઈમે ઝઘડો કર્યો. (એટલે કે ટાઈમ ખોટો પસંદ કર્યો બાકી!) એવા ગરમ થયેલા પતિદેવને 'ગરમી ગરમીને મારે'ના નિયમ મુજબ પત્ની ગરમાગરમ ચા પીવડાવીને ઠંડા પાડતી. આ 'ગરમી ગરમીને મારે'એ નિયમ શુદ્ધ સાયન્સનો નથી પણ 'હોમ સાયન્સ'નો છે. આવા વાટવાળા પ્રાઈમસને (અને!) પણ મહિને એકાદ વાર સર્વિસ કરવી પડતી. સર્વિસ કરવાથી ઊલટાના તે લાંબુ ટકતા અને સ્મૂથ ચાલતા.

તે જમાનામાં અમારી પાસે પણ એક ઘરઘરાટીવાળો પ્રાઈમસ હતો અને વાટવાળો અશોક સ્ટવ હજુ બજારમાં નવો આવ્યો હતો. ત્યારે એક ડોર ટુ ડોર સેલ્સમેન મારે ત્યાં આવ્યો. તે અતિ ઉત્સાહી હતો. કારણ કે તે પણ અશોક સ્ટવની જેમ જ બજારમાં નવો હતો. એટલે અતિ ઉત્સાહી હતો. મને સાંભળવામાં જરાય તકલીફ નહોતી તોય તે ચોકમાં ખેલ કરતાં મદારીની જેમ જોર જોરથી બોલતો હતો 'ને મને અશોક સ્ટવની ખૂબીઓ સમજાવતો હતો. કદાચ તેનું જોર જોરથી બોલવા પાછળનું લોજીક એવું પણ હોય કે આજુબાજુની ચાર પાંચ મહિલાઓ આ ખુબીઓ સાંભળી જાય તો સ્ટવ ખરીદવા દોડી આવે. આમ ઓછી મહેનતે જાજો વેપાર થાય. એની વાતમાં વચ્ચે હું જરાક ઈતિહાસ વિશે બોલ્યો તો તેણે ઈતિહાસ પકડી લીધો અને ઉત્સાહમાં આવી જઈને કહ્યું કે ઈતિહાસની વાત કરતા હો તો સાંભળો. પાણીપતના યુદ્ધ વખતે સમ્રાટ અશોક આ સ્ટવ પર બનાવેલી ચા પીતા. એટલે જ આનું નામ અશોક સ્ટવ છે. આમ તેણે અનોખો ઈતિહાસ સર્જી દીધો. મને તેના પર સર્જીકલ સ્ટ્રાઈક કરવાનું મન થયું. જો કે પછી તો મને પણ વગર ચા એ કોટો ચડી ગયો. કારણ કે તેણે સમ્રાટ અશોકને પાણીપતના યુદ્ધમાં પણ લડાવ્યા. મેં કહ્યું, "ભાઈ હું નાનો માણસ છું એટલે સમ્રાટ વાપરે એવી મૂલ્યવાન વસ્તુ હું ન ખરીદી શકું." એટલે તેણે ભારે હૃદય વિદાય લીધી.

આજે અમુક જગ્યાએ સ્ટવ ઠંડા છે અને અફવાનું બજાર ગરમ છે. અફવાઓના ગરમ બજારમાં રાજકારણીઓ રોટલા શેકી લે ખરા, પણ આપણે તેમાં બટાટા પણ ન બાફી શકીએ. હજુ તો બધાના ઘરમાં ગેસ છે પણ લોકો પાણી પહેલા પાળ બાંધવાના ધોરણે જૂના સ્ટવને પ્રગટાવવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આવું બધું જોઈને અમે પણ જૂના સ્ટવના પાટે ચડી ગયા. પણ અમારું માનવું છે કે ગેસ પેટ્રોલની કોઈ અછત નહીં થાય. કારણ કે અગાઉ વગર કસુંબે ખોખારા ખાતાં ટ્રમ્પકાકાના ખોંખારા હવે ધીમે ધીમે ખાંસીમાં (ઉધરસમાં) કન્વર્ટ થઈ રહ્યા છે. ખાસી તો મટાડવી જ પડે ને! નહીં તો ફેફસા ખલાસ થઈ જાય. એટલે હાલમાં તો ટ્રમ્પકાકા આગળથી સિંહ દેખાય છે પણ પાછળથી મોળા પડી ગયા છે. એટલે કુશળ ક્લાસિકલ ગાયકની જેમ (યુદ્ધમાં અકુશળ-) ટ્રમ્પ વીરરસના કસુંબલ રાગમાં સમાધાનના મધુર સૂર મિક્સ કરવાનો પ્રયોગ કરી રહ્યા છે. પછી ક્રમશઃ વીરરસના સુરો ઘટતા જશે અને સૂર-એ-સમાધાન ગૂંજી ઊઠશે અને બધું ટાઢું પડી જશે. આમ વહેલી તકે યુદ્ધ ટાઢું પડશે ને બધાના ચુલા ગરમ રહેશે.

## ગરમાગરમ

***ગર્લફ્રેન્ડ (બોયફ્રેન્ડને):-*** *મારા પપ્પાએ મને કડક વાર્નિંગ આપી છે કે જો હું આ ફાઇનલ એક્ઝામમાં ફેઇલ થઇશ તો મને રિક્ષાવાળાને પરણાવી દેશે!*

***બોયફ્રેન્ડ:-*** *મારા પપ્પાએ મને ખુલ્લી ધમકી આપી છે કે જો હું આ ફાઇનલ એક્ઝામમાં ફેલ થઈશ તો મને રીક્ષા લઈ દેશે! પછી બંને એકદમ ખુશ થઈને એક સાથે બોલ્યા, "વાઉ!! તો તો ચાલો આપણે ફેલ થઈ જઈએ."*